| | | |
|---|---|---|
| કરજુ કર્યા તારીખ | | ૧૦/૦૪/૨૦૦૭ |
| દાખલ તારીખ | | ૧૦/૦૪/૨૦૦૭ |
| ફેંસલ તારીખ | : | ૦૬/૦૭/૨૦૨૨ |
| અવધી : વર્ષ માસ દિવસ | | |

**અમદાવાદનાં એડી.ચીફ મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૦) સાહેબશ્રીની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૫૯૬/૨૦૦૭**

**આંક–**

ફરિયાદી : સરકાર શ્રી

**વિરૂધ્ધઃ–**

આરોપી : દિવ્યાદે ઉર્ફે દિનેશકુમાર સકરાભાઈ સોલંકી,
રહે. અસારવા, અમદાવાદ.

ગુન્હો : ઈ.પી.કો.ક–૩૨૪, ૨૯૪(ખ),૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫ (૧) મુજબ

સરકાર તરફે એ.પી.પી.શ્રી
આરોપીઓ તરફે વિ. વ.શ્રી.

**–// જજમેન્ટ //–**

**(૧)** ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપી તથા આ કામના ફરીયાદીના અખાડાના પાવૈયાઓને અમદાવાદ શહેરમાં ભીક્ષા વૃતિ બાબતે ઝઘડો ચાલતો હોઈ તે અનુસંધાને તા.૧૯.૦૬.૨૦૦૬ ના કલાક ૧૬:૧૫ વાગ્યાના સુમારે કરમસદની પોળ ની ચાલીના નાકે આ કામના આરોપીઓએ ભેગા મળી ફરીયાદી સાથે ઝઘડો કરી બિભત્સ ગાળો આપી ફરીયાદીના જમણા હાથની કલાઈ ઉપર ચપ્પુ મારી ઈજા કરી મહે. પોલીસ કમીશ્નરશ્રી ના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.ક–૩૨૪, ૨૯૪(ખ),૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫ (૧) મુજબ ગુનો નોંધી તપાસ કરતાં આરોપીઓ વિરૂધ્ધ મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનું ચાર્જશીટ કરેલ છે.

**(૩)** આરોપી સામે કલમ–૨૯૯ તથા ૩૫૩(૬) મુજબ કાર્યવાહી કરેલ છે.

**(૪)** સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

**– મુદ્દા –**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તથા આ કામના ફરીયાદીના અખાડાના પાવૈયાઓને અમદાવાદ શહેરમાં ભીક્ષા વૃતિ બાબતે ઝઘડો ચાલતો હોઈ તે અનુસંધાને તા.૧૯.૦૬.૨૦૦૬ ના કલાક ૧૬:૧૫ |

| | |
|---|---|
| | વાગ્યાના સુમારે કરમસદની પોળ ની ચાલીના નાકે આ કામના આરોપીઓએ ભેગા મળી ફરીયાદી સાથે ઝઘડો કરી બિભત્સ ગાળો આપી ફરીયાદીના જમણા હાથની કલાઈ ઉપર ચપ્પુ મારી ઈજા કરી મહે. પોલીસ કમીશ્નરશ્રી ના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.ક–૩૨૪, ૨૯૪(ખ),૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫ (૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

**(૫)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નીચે જણાવેલ કારણોસર મારા તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**(૬)** સદર કામે રેકર્ડ જોતાં પુરવણી ચાર્જશીટ છે મુખ્ય ચાર્જશીટનો સી. આઈ. એસ. જોતાં રેકર્ડ બતાવતું ન હોય અગાઉ નિકાલ થઈ ગયેલ હોવાનું સ્પષ્ટરીતે જણાય છે તેવા સંજોગોમાં અગાઉ કેસનો નિકાલ થઈ ગયેલ હોય તે કેસનું કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય હાલનો કેસ જોતાં ફરીયાદી છાયાદે ભારતીદે ઘણા વર્ષો પહેલા મકાન ખાલી કરી જતાં રહેલ છે તે જ રીતે સાહેદ નં.૧૦ સીયાદે માતાજી પણ મકાન ખાલી કરી જતાં રહેલા છે તથા સાહેદ નં.૧૧, ૧૨ મિનલદે તથા રીનાદે ફરીયાદીના કુટુંબી હોય ઘર ખાલી કરી અન્ય જગ્યાએ રહેવા જતાં રહેલ હોય જેના કોઈ વેર એબાઉટ આજદીન સુધી મળી આવેલા ન હોય, મળી આવવાની હાલ કોઈ શકયતા નથી. વધુમાં, ઉપરોકત સાહેદ સિવાય અન્ય કોઈ નજરી સાહેદ નથી તેવા સંજોગોમાં આરોપી સામે કોઈ સીધો પુરાવો મળી આવવાની શકયતા રહેલ નથી. પંચનામા તથા આઈ. ઓ. થી સમર્થનકારી પુરાવો મળેલ પરંતુ સીધા પુરાવાના અભાવમાં તેનું મુલ્ય શંકાથી પર પુરાવા તરીકે આવી શકે નહી.

સદર કામે ફરીયાદ લેનાર ફરીયાદ લેનાર પી.એસ.ઓ અને તપાસ કરનાર અધિકારી આર્યોને તપાસવામાં આવે તો ફરીયાદીની હકીકત અને તપાસની હકીકત રેકર્ડ પર આવે પરંતુ ફરીયાદના તત્વો તેટલા માત્ર થી પુરવાર થઈ શકે નહી અને આરોપી સામે જયારે સીધો પુરાવો મળી આવતો ન હોય ત્યારે આનુસાંગીક પુરાવાના આધારે તકસીરવાન ઠરાવી શકાય નહી વધુમાં આગળના સાહેદો તપાસવામાં આવે તો રેકર્ડ ઉપર સાંભળેલો પુરાવો રેકર્ડ પર આવે અને તેવા પુરાવાથી ક્રિમીનલ જયુરીશ્પુડન્સ ના સિધ્ધાંત મુજબ આરોપી સામે શંકાથી પર પુરાવાની તમામ ચેઈન જોડાય અને ફકત ને ફકત આરોપી એ જ આક્ષેપિત ગુનો કરેલ છે અન્ય કોઈ એ નહી એવો પુરાવો આવે ત્યારે જ આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય અન્યથા આરોપી નિર્દોષના સિધ્ધાંત મુજબ તુટક પુરાવાના ચેઈન ને આધારે આરોપી ને બે તરફની શકયતાઓ હોય ત્યારે શંકાનો લાભ આપવા પાત્ર થતો હોય તેવા સંજોગોમાં હાલના કેસમાં ટ્રાયલ દરમ્યાન વીતેલા વર્ષોનો સમય કેસની સ્થિતી અને આટલા વર્ષો બાદ સીધો પુરાવો મળી આવવાની નહીવત શકયતા સામે ઝડપી ટ્રાયલ ના આરોપી ના બંધારણીય અધિકાર ને ઘ્યાને લેતા પડેલ પુરાવાના આધારે નિર્ણય કરવો યોગ્ય અને વાજબી જણાય છે. રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ  કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ

અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગોમા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ. દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કનવીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્ર ોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.

(૭) પ્રસ્તુત કેસમાં આરોપીઓ વિરૂધ્ધ ભા.દં.સંહિતાની કલમ ૩૨૪, ૨૯૪(ખ),૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫ (૧) મુજબનાં ગુનાનું તહોમત રહેલ છે.ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧ ૦૧ થી ૧૦૩ અન્વયે આરોપી વિરૂધ્ધનો આરોપ નિઃશંક પણે પુરવાર કરવાનો બોજો પ્રોસી.પક્ષે રહેલ છે.તે સંદર્ભે આ કામે સોગંદ પર તપાસવા માં આવેલ ફરીયાદી ની ઉલટતપાસ સહિત જુબાની વંચાણે લેતા,આરોપી સાથે ઉગ્ર બોલાચાલી આ દરમ્યાન તેઓ નીચે પડી જતાં ધારદાર વસ્તુ વાગેલ.તથા વધુ માં ફરીયાદી અને આરોપી વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને ઉકત સાહેદોનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદી એ કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે અને રેકર્ડ પર નો પુરાવો જોતાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રજુ થયેલ નથી.આમ,ઉકત હકીકતે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવામાં આવે તો પણ કોઈ હેતુસરે તેમ ન હોય,નામદાર સુપ્રીમ કોર્ટે એ.આઈ.આર. ૧૯૮૮ સુ.કો.૭૦૯ માધવરાવ જે સીંધીયા વિરુધ્ધ શંભાજીરાવ સી.અન્જરેના ચુકાદાનો અભ્યાસ કરતા પારા–૭ માં ઠરાવેલ છે કે It is also for the court to take into consideration any special features which apper in a particular case to consider whether it is expedient and in the interest of justice to permit a prosecution to continue. This is so on the basis that the court cannot be utilized for any oblique purpose and where in the opinion of the court chances of an ultimate conviction are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the proceeding een though it may be at a preliminary state. ઉપરોકત ચુકાદો એ.આઈ.આર.૨૦૧૨ સુ.કો.૪૯૯ શ્રીજી ઉર્ફે પપ્પુ અને બીજા વિ.રાધીકા અને બીજામાં રીફર કરવામાં આવેલ છે. આમ, સદર ચુકાદો વંચાણે લેતા તેમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા ઉચિત કીસ્સામાં કાર્યવાહીમાં આગળ વધવાનુ યોગ્ય ન જણાય તો ફરિયાદ કવોશ કરવા સબંધેની ચર્ચા કરેલ છે. વધુમાં નામદાર એપેલેટ કોર્ટની વખતો વખતની સ્પીડી ટ્રાયલ ચલાવવાની ગાઈડ લાઈન ધ્યાને લેતા જયારે આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય તેવા કોઈ પણ ચાન્સ રહેલ ન હોઈ કે શકયતા રહેલ ન હોય તો તેવી કાર્યવાહી આગળ ચલાવવી તે અદાલતના પ્રોસેસ

ના દુરઉપયોગ સમાન ગણાશે. જેથી ફરિયાદ પક્ષનો વધુ પુરાવો નોંધવામાં આવેલ નથી. વધુમાં સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ  કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ  અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગો મા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ.દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કનવીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.તે તમામ સંજોગો ધ્યાને લેતા,ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલ આક્ષેપો પુરાવાથી પુરવાર થતા ન હોઈ મુદા નં.૧ ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ ન હોય તેનો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

| | |
|---|---|
| ૧. | આ કામનાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪, ૨૯૪(ખ),૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫ (૧) મુજબનાં શીક્ષાપાત્ર ગુનાનાં તહોમતમાંથી પુરતા પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી મુકત કરવામાં આવે છે. |
| ૨. | મુદ્દામાલ પાવતી મુજબના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૩. | આરોપીઓએ અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડ કલમ ૪૩૭(એ)અન્વયે વધુ છ માસ સુધી ચાલુ રાખવામાં આવેલ છે. |

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(જતીનકુમાર શાંતિલાલ શાહ)
દસમી કોર્ટ મેજીસ્ટ્રેટ
અમદાવાદ
UI Code No.GJ00936

તા. ૦૬/૦૭/૨૦૨૨
અમદાવાદ